DIET
PSTE IFIC DRU ET B.Ed. WE CMDE PM
ज्ञानात् मुक्तिः
Dist. Insti. of Edu. & Training
Surendranagar

# શ્રી ઝવેરચંદ મેઘાણી
# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
# સુરેન્દ્રનગર




# Artificial Intelligence
## શિક્ષણમાં ઉપયોગ

ચાલો, શીખીએ અને શીખવીએ...

**Guidance**

**Dr. C. T. Tundia**
Principal, DIET – Surendranagar

**ICT Co-Ordinator**

**Dipak Gosai**
DIET – Surendranagar

## Writing and Coordination

**Balvant Kaliya**
Teacher, Tikar (Parmar) Pay Centre School

**Mehulkumar Dave**
Principal, Khodu Kumar Pay Center School

**Udaykumar Makwana**
Teacher, Pay center school –5 Surendranagar

**Hareshkumar Dholakiya**
Teacher, Pratappur Primary School

**Yogendrasinh Parmar**
Teacher, Bhalgamda Primary School

**Dr. Rucha Joshi**
Teacher, Joravarnagar - 8 Primary School

**Neha Raval**
Teacher, School no-17, Surendranagar

**Aruna Bochiya**
Teacher, Chamundnagar P. School

**Jalpa Raval**
Teacher, Sankali Primary School

**Mayur Gadhvi**
Teacher, Naliya Primary School

**Damini Patel**
Teacher, School No-15 Thangadh

**Rohitkumar Patel**
Teacher, Kamalpur Primary School

**Kripalsinh Gohil**
Teacher, Velavadar Primary School

**Amit Mori**
Teacher, Navagam (Than) p. School

**Vijay Gondaliya**
Teacher, School No.13 – Thangadh

**Parag Dave**
Teacher, Bhanejada Primary School

**Ramesh Aniyaliya**
Teacher, Vejalaka Primary School

**Anil Makavana**
Teacher, Dumana Primary School

**Uday Shah**
Teacher, Jobala Kanya Primary School

**Mukesh Vaghela**
Teacher, Visavadi Primary School

**Hitesh Muliya**
Principal, Dholi Primary School

**Jignesh Vyas**
Teacher, Modhvana Primary School

**Hitesh Patel**
Teacher, Sakar Primary School

**Kishorsinh Chauhan**
Teacher, Chamardi Primary School

**Chirag Patel**
Teacher, Velala (Dhra) pay center

# Index


| Sr. no. | Chapter's name | Page no. |
|---|---|---|
| 1 | Introduction | 1 |
| 2 | Gemini | 2 |
| 3 | ChatGPT | 7 |
| 4 | Duolingo | 10 |
| 5 | Edutor | 14 |
| 6 | Khanmigo | 17 |
| 7 | Tinywow | 22 |
| 8 | Meta AI | 26 |
| 9 | Quizizz | 29 |
| 10 | Kahoot AI | 35 |
| 11 | Gamma | 40 |

# Introduction

આજના ડિજિટલ યુગમાં બુદ્ધિમત્તા તરીકે રોબોટિક્સ અને નીત નવા સોફ્ટવેરનો વિકાસ થયો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માનવબુદ્ધિનું કેન્દ્રબિંદુ બની રહ્યું છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એ કોમ્પ્યુટર વિજ્ઞાનની અદભૂત અને શક્તિશાળી શોધ છે. જે કોમ્પ્યુટરને માનવની જેમ વિચારતું અને શીખતું કરી શકે છે. જેના કારણે માનવ સભ્યતા વધુ વિકસિત થઈ છે. માનવ બુદ્ધિ, વિચારો અને લાગણીઓ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની અંદર સિમ્યુલેટેડ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી કમ્પ્યૂટર સિસ્ટમ પહેલા કરતા વધુ વિકસિત થઈ ગઈ છે. તેને ટૂંકમાં AI પણ કહેવામાં આવે છે. AI આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કોઈ નવો શબ્દ નથી. વર્ષો પહેલા અસ્તિત્વમાં આવેલી આ ટેકનોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો તે માનવ જીવન માટે વરદાનરૂપ સાબિત થઈ શકે છે. AI એ આધુનિક ટેકનોલોજીનું એક એવું ક્ષેત્ર છે જે આજના સમયમાં ઝડપથી વિકસી રહ્યું છે અને દરેક ક્ષેત્રને પ્રભાવિત કરી રહ્યું છે. શિક્ષણ ક્ષેત્રે પણ તેના દ્વારા ધરખમ ફેરફાર અને પ્રગતિ થઈ શકે તેમ છે.

જે કાર્યો કરવામાં ઘણો બધો સમય લાગતો હોય છે તેવા કાર્યો AI ખૂબ ઝડપથી કરી આપે છે. ઘણી બધી માહિતી પર એકસાથે પ્રક્રિયા કરતું હોવા છતાં સચોટ પરિણામ આપે છે. જોડણી તપાસવી, Chat boat, Voice Assistant, Social Media Algorithm, Suggest કરેલા વિડિયોના લિસ્ટ તૈયાર કરવા, Google map તૈયાર કરવા, પ્રોજેક્ટ તૈયાર કરવા, ક્વિઝ તૈયાર કરવી વગેરે... ટૂંકમાં, જે કામ કરવા માટે માનવ બુદ્ધિની જરૂર પડે તે બધાં જ કાર્યો કૃત્રિમ બુદ્ધિ એટલે કે AI કરી શકે છે. ટૂંકમાં AIના બુદ્ધિગમ્ય ઉપયોગથી ભવિષ્યની યોજનાઓ ઘડી શકાય છે અને વ્યાવસાયિક પ્રગતિ ઝડપથી સાધી શકાય છે.

હજુ AI વિકાસના તબક્કામાં છે, પરંતુ તે આપણા જીવનમાં ઘણો સકારાત્મક બદલાવ લાવી શકે તેમ છે. અહીં વિવિધ શૈક્ષણિક કાર્યો કરવામાં અને અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં રોચકતા, સરળતા, અને અસરકારતા લાવવા માટે ઉપયોગી વિવિધ AI Apps અને Websites નો આ મોડ્યુલમાં આપણે પરિચય મેળવીશું અને તેનો ઉપયોગ કરવાની પ્રક્રિયા પણ સરળતાથી સમજીશું.

# Gemini


## પરિચય


Gemini AI એપ્લિકેશનથી શિક્ષણમાં મૂંઝવતા કોઈપણ પ્રશ્નના જવાબ પ્રાપ્ત કરી શકો છો અને તે ઘણા બધા કામમાં મદદ કરે છે. યુઝરને 2 TB સ્ટોરેજ મળે છે. Gemini 40 ભાષામાં સપોર્ટ કરે છે. આ એપ યુઝ કરવાનો કોઈ ચાર્જ નથી. Gemini તમને Google AI નો સીધો એક્સેસ આપે છે. લખવા, આયોજન કરવા, શીખવા અને બીજી ઘણી એક્ટિવિટીમાં મદદ મેળવવા માટે ઉપયોગી છે. જ્યારે તમે Gemini માં Prompt દાખલ કરો છો ત્યારે તે પહેલેથી જાણતું હોય તેવી અથવા google ની અન્ય સેવાઓ જેવી અન્ય સોર્સમાંથી મેળવેલી માહિતીનો ઉપયોગ કરી જવાબ આપે છે.





## પ્રક્રિયા

- Gemini ટૂલ ડાઉનલોડ કરવા સૌથી પહેલા Play Store માં જઈને સર્ચ બાર પર Google Gemini ટાઈપ કરો.
- App ઓપન કરી Get Started પર click કરો ત્યારબાદ તેની માહિતી વાંચી click કરો.
- Next Screen જે ઓપન થશે તેના પર I Agree પર Click કરો. આ એપ માં તમે કન્ટેન્ટ ક્રિએટ કરી શકો છો. તમારે નવી સ્કીલ શીખવા માટે એપમાં Text, Voice કે Photo ઇનપુટનો ઉપયોગ કરી શકાય છે.
- ટાઈપ પણ કરી શકો છો, વોઈસ ઇનપુટ કરી શકો છો અને સાથે સાથે ફોટો પણ શેર કરી શકો છો. બોક્સમાં પ્રશ્ન લખી શકો છો, તૈયાર કરેલી માહિતી upload કરી શકાય છે અને Google આઈકન પર click કરી પૂછવામાં આવેલ જુના પ્રશ્ન જવાબને click ની મદદથી ચેટ સેક્શનમાં જોઈ પણ શકો છો.
- Extension for Gemini: આ માટે Gemini setting માં જઈ Extensionને ચાલુ રાખવાથી Gemini તમારા ફોનમાં રહેલી App સાથે કામ આપશે.




### (1) Gemini for YouTube:





YouTube ના કોઈપણ વીડિયોને તેની યોગ્ય લીંક દ્વારા કોપી કરીને Gemini માં ઓપન કરવા માટે port cast લિંક copy કરો.

- Gemini search bar માં ગયા બાદ તમારા કન્ટેન્ટની માહિતી દાખલ કરો.
- ત્યારબાદ Gemini YouTube માં માહિતીની blue link બતાવશે.
- blue link પર clickclick કરતા તમે તમારા વીડિઓ જોઈ શકશો.

આમ, કરવાથી તેનો વિડીયો અને તેના વિશેની માહિતી ડિસ્પ્લે થશે.

### (2) Gemini for Spreadsheet





Spreadsheetમાં સરવાળો, બાદબાકી, ગુણાકાર , ટકાવારી વગેરે જેવી ગાણિતિક પ્રક્રિયા કરવાની formula તમને ખબર ન હોય તો તમે જેમિની માં જ prompt લખી જે તે પ્રક્રિયા માટે formula મેળવી શકો છો અને તેને copy કરી Spreadsheet માં paste કરી formula મેળવવા ઉપયોગ કરી શકો છો.

- Gemini search bar માં ગયા બાદ તમારા કન્ટેન્ટની માહિતી દાખલ કરો.
- Gemini search bar માં તમારા કન્ટેન્ટની formula બતાવશે.
- formula ને copy કરી Spreadsheet માં paste કરી ઉપયોગ કરી શકો છો.

### (3) Planning for trip


જો તમે Tourનું આયોજન કરવા માગતા હોય તો નિશ્ચિત સમય ગાળો અને વિસ્તાર Prompt માં Input કરવાથી Day to Day નું સુંદર આયોજન તમને મળી જશે.




- ➢ Gemini search bar માં ગયા બાદ તમારા કન્ટેન્ટની માહિતી દાખલ કરો.
- ➢ તમે Gemini ના search bar માં જ્યાં ફરવા જવાનું હોય તે સ્થળનું નામ અને દિવસની સંખ્યા દાખલ કરો. દા.ત. તમારે દ્વારકા બે દિવસ માટે જવું છે.
- ➢ તરત જ Gemini Day to Day નું સુંદર આયોજન કરી આપશે.

### (4) Diet plan


સ્વાસ્થ્યને લગતી બાબતો જેવી કે યોગ, વજન વધારવું કે ઘટાડવું વગેરેનું સુંદર આયોજન પણ આ App માં થઇ શકે છે.




- ➢ Gemini search bar માં ગયા બાદ તમારા કન્ટેન્ટની માહિતી દાખલ કરો.
- ➢ Gemini search bar માં 'વજન ઘટાડવું છે' તેવું ટાઇપ કરવાથી Gemini search કરશે.
- ➢ Gemini તમને તમારો **Diet plan બતાવશે.**

### (5) cold emails

અહી તમારે જે વિષય બાબતે Email કરવો હોય તથા જે સંસ્થા કે વ્યક્તિને mail કરવાનો હોય તેનું નામ તમે દાખલ કરો એટલે તમને વિગત સહીતનો Email તૈયાર મળી જશે.





Gemini search bar માં ગયા બાદ તમારા કન્ટેન્ટની માહિતી દાખલ કરો.

Gemini search bar માં ગયા બાદ દા.ત. તમે શિક્ષણમાં નવું સંશોધન કરી રહ્યા છો અને કોઈ અધિકારીને Mail કરવો છે તો તમને Mail નો નમૂનો તૈયાર આપશે..

### (6) Learning new language

**કોઈપણ ભાષા શીખવા Gemini Partner નું કામ કરશે જે તમારી સાથે વાર્તાલાપ કરશે તથા લેખન અને અભિવ્યક્તિ માં grammar ને લગતી ભૂલ પણ સુધારશે.**




- ➢ Gemini search bar માં ગયા બાદ તમારા કન્ટેન્ટની માહિતી દાખલ કરો.
- ➢ Gemini search bar માં તમને મનપસંદ ભાષા માં પ્રશ્ન પૂછો દા.ત. તમે કેમ છો ?
- ➢ Gemini search તમને તમારી જોઈતી ભાષામાં જવાબ આપશે.

**(7) Completing assignment:** આ App કોઈ પણ પ્રોજેક્ટ તૈયાર કરતી વખતે જે તે વ્યક્તિ, વસ્તુ, પ્રાણી કે સ્થળ વિષેની માહિતી તારવી સુંદર પેરેગ્રાફ સ્વરૂપે તૈયાર કરી આપશે.




- ➢ Gemini search bar માં ગયા બાદ તમારા Subject ની માહિતી દાખલ કરો.
- ➢ Gemini search bar માં ગીર અભ્યારણ ટાઇપ કરો.
- ➢ Gemini તેના વિશેની સંપૂર્ણ માહિતી બતાવશે.

### (8) Rewrite and modify


**Gemini Appની મદદથી તમારી જરૂરિયાત મુજબ અહીં ફકરાને લાંબો કે ટૂંકો પણ કરી શકો છો.**




- ➢ Gemini search bar માં ગયા બાદ તમારા કન્ટેન્ટની માહિતી દાખલ કરો.
- ➢ Gemini search bar માં કોઈપણ ફકરા વિષે લખો ત્યારબાદ Gemini તમે લખેલ ફકરો બતાવશે.
- ➢ જો ફકરાને તમે લાંબો કે ટૂંકો કરવા માગતા હોય તો પણ થઇ શકશે.

**(9) content research**

Gemini માં જઈ તેમાં Prompt માં લખી તેમાંથી તમે રીલ કે ઉપયોગી માહિતીને એકઠી કરી શકો છો.




- ➢ Gemini search bar માં ગયા બાદ તમારા કન્ટેન્ટની માહિતી દાખલ કરો.
- ➢ Gemini search bar માં આપણું ઘર પૃથ્વી ટાઇપ કરવાથી Gemini search કરશે.
- ➢ Gemini search bar માં લખેલી માહિતી તમને આપશે.

## Gemini ની ઉપયોગિતા:-

- ➢ Gemini દ્વારા YouTube ની link વડે વીડિઓની copy paste કરી શકાય છે.
- ➢ Gemini દ્વારા spread sheet માં કોઈ પણ formula મેળવી તેનો ઉપયોગ કરી શકાય છે.
- ➢ Gemini દ્વારા તમે day to day પ્રવાસનું આયોજન કરી શકો છો.
- ➢ Gemini દ્વારા સ્વાસ્થ્યને લગતી કોઈ પણ બાબતનું આયોજન કરી શકો છો.
- ➢ Gemini દ્વારા cold email થી કોઈ પણ email બનાવી શકો છો.
- ➢ Gemini દ્વારા કોઈપણ ભાષા શીખી શકો છો.
- ➢ Gemini દ્વારા કોઈપણ વિષયનો પ્રોજેક્ટ તૈયાર કરી શકો છો.
- ➢ Gemini દ્વારા gemini દ્વારા કોઈ પણ વિષય નાં ફકરાની લાંબી કે ટૂંકી વિગત મેળવી શકો છો.

# ChatGPT


## પરિચય

ચેટ જીપિટી એ OpenAI દ્વારા વિકસાવવામાં આવેલું એક આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત chatboat છે. આર્ટિફિશિયલ ઈંટેલિજન્સ રિસર્ચ કંપની, OpenAI એ Chat GPTની (Chat Generative Pre-Trained Transformer) રચના કરી અને નવેમ્બર 2022માં તેને લોન્ચ કરી . લોકો તેને પ્રશ્નો પૂછી શકે છે અને તેણે આપેલા જવાબો માટે સ્પષ્ટતા પણ માંગી શકે છે. આપેલા (એન્ટર કરેલા) મુદ્દાઓના આધારે તે કલ્પના ચિત્ર, લખાણ કે વિડીયોની રચના કરે છે. તે વપરાશકર્તાને પ્રશ્નોના જવાબ, લેખનના સૂચનો, કોડિંગ મદદ અને વિવિધ શૈક્ષણિક કાર્યોમાં મદદ કરી શકે છે.


## પ્રક્રિયા

Chat GPT તેની અધિકૃત વેબસાઇટ પરથી મેળવી શકાય છે. https://chat.openai.com.
તેમજ play store પર
https://play.google.com/store/apps/details?id=com.openai.chatgpt&pcampaignid=web_share
પરથી પણ મેળવી શકો છો. જેને તમે મોબાઇલ એપ્લિકેશન તરીકે ઉપયોગમાં લઈ શકો છો.
chat GPT ડાઉનલોડ કરવા માટે અહીં આપેલ QR Code નો ઉપયોગ કરો.
સૌ પ્રથમ, https://chat.openai.com પર જાઓ. આ મુજબની સ્ક્રિન જોવા મળશે.

તમારું એકાઉન્ટ બનાવો અથવા જો પહેલાથી જ એકાઉન્ટ હોય તો login કરો.




અહીં દર્શાવેલ બોક્ષમાં તમારો પ્રશ્ન અથવા કોઈ માહિતી માટેની વિનંતી લખો અને 'Enter' દબાવો. તરત જ chat GPT તમે પૂછેલા પ્રશ્ન ને આધારે Process કરી જવાબ આપશે.



✱ ચાલો હવે એક પ્રેક્ટિકલ દ્વારા સમજીએ. જેમકે વિચાર વિસ્તારમાં પંક્તિ વિશે વિસ્તૃત માહિતીની જ્યારે જરૂર પડે ત્યારે આપણે નીચે મુજબ પંક્તિ તેના બોક્સ માં Enter કરવાથી ગણતરીની સેકંડોમાં જ Chat GPT આપણને જવાબ આપશે..

જે નીચે મુજબ જોવા મળે છે.





આમ, Chat GPT એ જ્ઞાનનો ખજાનો છે.

## ઉપયોગિતા

- માહિતી ખૂબ ઝડપથી મળે છે.
- કોઈપણ સમયે માહિતી મેળવી શકાય છે.
- કોઈપણ ભાષામાં ઉપયોગી છે.
- વપરાશકર્તાના સમયનો બચાવ થાય છે.
- અનુક્રમિક, અસરકારક, સુસંગત, સંદર્ભાત્મક રીતે સંબધિત વાક્યો બનાવીને પ્રતિભાવ જનરેટ કરે છે.
- નિબંધ, લેખ, પ્રોજેકટ, અહેવાલ અને પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં ખૂબજ મદદરૂપ છે.
- અભ્યાસ માટે કોઈપણ પાઠની પ્રશ્નોત્તરી તૈયાર કરી આપે છે.
- સ્થાનિક ભાષાના માધ્યમથી કોઈપણ ભાષા શીખવા મદદરૂપ છે.
- વિવિધ વિષયો પર ટૂંકી કે લાંબી લેખન સામગ્રી તૈયાર કરી આપે છે.
- વિજ્ઞાન અને ઇતિહાસ જેવા વિષયોની સમજ મેળવી શકાય છે.
- વ્યાકરણ શીખી શકાય છે.

આમ, Chat GPTની વિવિધતા અને સરળતાને કારણે માહિતી માટેનું શ્રેષ્ઠ માધ્યમ બન્યું છે.




Chat GPT FREE અને PAID એમ બંને વર્ઝન છે. Free વર્ઝનમાં કેટલીક લિમિટેડ સુવિધાઓ હોય છે. જો તમે પ્રિમિયમ સુવિધાઓ ઇચ્છતા હોવ,તો તમે "Chat GPT plus " માટે ચૂકવણી કરી શકો છો. એક વિદ્યાર્થી અને શિક્ષક માટે chat GPTનું Free વર્ઝન ખૂબ જ ઉપયોગી છે.

### ☛ <u>અન્ય ઉપયોગી AI Apps and Websites :</u>

Notion AI
Jasper AI
Writesonic
Copilot
Meta AI
DeepSeek

# Duolingo

## ❖ પરિચય

Duolingo એ વિશ્વની સૌથી વધુ download થયેલ શૈક્ષણિક એપ્લિકેશન છે. નવી ભાષા શીખવા માટે આ App ખૂબ ઉપયોગી છે. આ App વડે 40 કરતા પણ વધારે ભાષાઓ ખૂબ ઝડપથી શીખી શકાય છે. વિવિધ ભાષાઓ શીખવા માટેની આ એક મનોરંજક અને નિઃશુલ્ક એપ્લિકેશન છે. આપણે હિન્દી ભાષાના માધ્યમ વડે અન્ય ભાષાઓ શીખી શકીએ છીએ.

વિવિધ રોચક અધ્યાપન પદ્ધતિ, પ્રયુક્તિ અને મનોરંજક વિષયવસ્તુનો ઉપયોગ કરી શકાય છે. વિવિધ પ્રકારના ગેમ જેવા ફીચર્સ, રોમાંચક પડકારો duo ના રિમાઇન્ડરની સાથે નવી ભાષા શીખવાનું ખૂબ સરળ રહે છે

આમ AI અને ભાષા વિજ્ઞાનના સંયોજન થકી તમામ બાબતોને એવી રીતે તૈયાર કરવામાં આવી છે જેના વડે યોગ્ય લેવલ અને યોગ્ય ગતિ સાથે શીખી શકાય છે.

## ❖ Duolingo app કઈ રીતે use કરશો?




- સૌપ્રથમ play store માં જઈ Duolingo App ડાઉનલોડ કરો.




- ત્યારબાદ જે ભાષા શીખવી હોય તે ભાષા પસંદ કરો, આગળ વધવા માટે **<u>"जारी रखे"</u>** પર ક્લિક કરવાનું રહેશે.ઉદાહરણ તરીકે ઇંગ્લિશ ભાષા પસંદ કરીએ. અહીં અન્ય ભાષા શીખવા માટે હિન્દી નો મહાવરો હોવો ખૂબ જરૂરી છે કારણ કે અન્ય ભાષા શીખવાનું માધ્યમ અહીં હિન્દી રહેશે. તેથી એમ કહી શકાય કે દસ વર્ષથી લઈને તમામ ઉંમરના વ્યક્તિ આ App દ્વારા અન્ય ભાષાઓ શીખી શકે છે. તો અહીં ભાષા પસંદ કરી આગળ વધો.

➢ ત્યારબાદ પૂછશે કે તમને આ App ની માહિતી શેના પરથી મળી? જેમાં કોઈ પણ એક option પસંદ કરી આગળ વધો.




➢ અહીં તમને પૂછશે કે તમને કેટલું ઇંગ્લીશ આવડે છે? જેના નીચે આપેલા option વાંચી તમારી આવડત મુજબનું option પસંદ કરો અને આગળ વધો. ત્યારબાદ તમે પસંદ કરેલ વિકલ્પ મુજબ શીખવાનું શરૂ કરો.





➢ હવે તમને પૂછશે કે તમે ઇંગ્લીશ શા માટે શીખવા માંગો છો? તેની નીચે આપેલા વિકલ્પોમાંથી તમારી ઈચ્છા મુજબના એકથી વધારે વિકલ્પ પણ તમે પસંદ કરી શકો છો અને આગળ વધી શકો છો.




➢ ત્યારબાદ તમે શીખવા માટે કેટલો સમય ફાળવી શકશો? જેમાં સરળથી કઠિન સુધી અને 3 મિનિટથી લઈને 30 મિનિટ સુધીના સમયના ચાર option જોવા મળશે તેમાંથી તમે જેટલો સમય શીખવા માંગતા હોય તે મુજબનું ઓપ્શન પસંદ કરો. અને આગળ વધો.



➢ ત્યારબાદ system home screen નવું box જોવા મળશે. તમને મોટીવેટ કરવા માટે પરમિશન માંગશે. જેમાં એડ ઓટોમેટિકલી અને કેન્સલ આ બે option જોવા મળશે તેમાંથી કોઈ પણ એક પસંદ કરો. અને ત્યારબાદ" **<u>जारी रखे</u>** "આપી અને આગળ વધો.




➢ હવે શીખવા માટે યોગ્ય સ્તર પસંદ કરો. તેના માટેના બે વિકલ્પ દેખાશે જેમાં તમારા મહાવરા પ્રમાણેનો કોઈ એક વિકલ્પ પસંદ કરી આગળ વધો.




➢ આટલું કર્યા બાદ તમારો અભ્યાસ શરૂ થશે. જેમાં વિવિધ ઇંગ્લીશ શબ્દોનો અનુવાદ પૂછશે તેના જવાબ આપી આગળ વધતા જાઓ.




➢ જવાબ આપ્યા બાદ જવાબ ચેક કરવા માટે નીચે **<u>चेक करें</u>** પર ક્લિક કરી તમે આપેલો જવાબ સાચો છે કે ખોટો તે જોઈ શકો છો. અહીં તમારો જવાબ સાચો હશે તો greenbox માં **सही** લખેલું આવશે.

➢જો જવાબ ખોટો હશે તો red box માં **<u>गलत जवाब</u>** લખેલું જોવા મળશે અને તેની નીચે સાચો જવાબ શું છે તે પણ જોવા મળશે.




➢બંધ કરવા માટે back પર ક્લિક કરી **<u>बंद करें</u>** પસંદ કરો. ત્યારબાદ App માંથી બહાર નીકળો ત્યાં સુધી back બટન દબાવતા જાવ અને App માંથી બહાર નીકળો.

➢આવી જ રીતે આ એપ દ્વારા ગણિત અને સંગીત શિખવા માટે જેમ ભાષા શિક્ષણમાં અંગ્રેજી પસંદ કરેલું તેની જગ્યાએ ગણિત કે સંગીત પસંદ કરી આ જ પ્રક્રિયા અનુસરી આગળ વધતા જાઓ અને શીખવાનો આનંદ માણો.




## ❖ ઉપયોગિતા

નાના નાના માઈલસ્ટોન પાર કરી ઘણા બધા પોઇન્ટ્સ મેળવી એક પછી એક લેવલ પાર કરી શકાય છે. સાથે સાથે આપણે અભિવ્યક્તિનું કૌશલ્ય પણ ઉત્તમ રીતે વિકસિત કરી શકીએ છીએ. આ App દ્વારા એવા કોર્સ બનાવવામાં આવ્યા છે કે જેના વડે અસરકારક રીતે શ્રવણ, કથન, વાંચન અને લેખન કૌશલ્યોને વિકસાવી શકાય.

આ App દ્વારા બાળકને વયકક્ષા અનુસાર પ્રાથમિકથી લઈને માધ્યમિક સુધીનું ગણિત પણ શીખવી શકાય છે. વિવિધ કોયડા ની મદદથી સરળતાથી ગણિત શીખી શકાય છે. વળી આ App સંગીત શીખવા માટે પણ ઉપયોગી બની રહે છે. જેમાં સ્વરોની ઓળખ, સ્વરોની સમજ તથા વિવિધ અલંકારો વગાડવાની રીત અને તેના માટે જરૂરી પ્રેક્ટિસ પણ કરી શકાય છે તથા 200 જેટલી tunes પ્રેક્ટિસ માટે આપેલી છે.

❖ ENGLISH અભિવ્યક્તિ વિકસાવવા આ App ઉપરાંત SHIKHO AI APP નો પણ ઉપયોગ થઇ શકે છે.

EdutorApp

## પરિચય

Edutor App લર્નિંગ સૉફ્ટવેર એ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંસ્થાઓ માટે ડિજિટલ લર્નિંગ અનુભવોને વધારવા માટે રચાયેલ શૈક્ષણિક પ્લેટફોર્મ છે. Edutor App એ AI- સંચાલિત મોબાઈલ અને વેબ એપ્લીકેશન છે. જે K - 12 સુધીના શિક્ષણ માટે રચાયેલ છે. વિદ્યાર્થીઓને વ્યક્તિગત અને સંગઠિત રીતે શીખવામાં મદદ કરતી વખતે તે શિક્ષકો માટે સામગ્રી નિર્માણ અને શેર કરવાનું સરળ બનાવે છે. તે પ્રથમ વાતાવરણમાં સામગ્રી, મૂલ્યાંકન અને ઈન્ટરેક્ટિવ લર્નિંગ પહોંચાડવા માટેની સુવિધાઓ પ્રદાન કરે છે. આ સૉફ્ટવેરનો ઉપયોગ શાળાઓ, કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આકર્ષક અને સરળતાથી શીખવાનો અનુભવ પ્રદાન કરવા માટે થઈ શકે છે.

## પ્રક્રિયા

Edutor Appને તમે અધિકૃત વેબસાઈટ પરથી મેળવી શકો છો: https://edutorapp.com તેમજ Playstore પર https://play.google.com/store/apps/details?id=com.nib.edutor પરથી પણ મેળવી શકો છો. ડાઉનલોડ કરવા માટે ઉપર આપેલ QR કોડનો પણ ઉપયોગ કરી શકો છો.




સૌ પ્રથમ Edutor App ખોલો.

તમને આ મુજબની સ્ક્રિન જોવા મળશે.


તમારો મોબાઈલ નંબર ટાઈપ કરો અને મોબાઈલ નંબર પર આવેલ OTP Enter કરો. હવે તમને આ મુજબની સ્ક્રિન જોવા મળશે.



Chapter AI પર ક્લિક કરી કોઈ એક ધોરણ અને વિષય પસંદ કર્યાબાદ આ મુજબ સ્ક્રીન જોવા મળશે.




કોઈ એક પ્રકરણ પર ક્લિક કરી Direct Ask Question પર જાવ અને પસંદ કરેલ પ્રકરણને અનુરૂપ પ્રશ્ન પૂછો. દા. ત. ખોરાક શું છે? આવો પ્રશ્ન પૂછતા જ તમને આ મુજબ જવાબ જોવા મળશે.




## EdutorApp લર્નિંગ સોફ્ટવેરની ઉપયોગીતા:

સામગ્રી ડિલિવરી: E-books, Videos, અને ઈન્ટરેક્ટિવ સામગ્રી સહિત અભ્યાસક્રમ આધારિત સામગ્રીના વિતરણની સુવિધા આપે છે.

મૂલ્યાંકન: ઓટોમેટેડ ગ્રેડિંગ અને પ્રતિસાદ સાથે ઓનલાઈન ક્વિઝ, અસાઈનમેન્ટ અને પરીક્ષણોને સપોર્ટ કરે છે.

ઈન્ટરેક્ટિવ લર્નિંગ ટૂલ્સ: ચર્ચા મંચો, જૂથ પ્રોજેક્ટ્સ અને જીવંત વર્ગો જેવા સહયોગી શિક્ષણ માટે સાધનો ઓફર કરે છે.

મોબાઈલ લર્નિંગ: શીખનારાઓને કોઈપણ સમયે, ગમે ત્યાંથી સંસાધનોને એક્સેસ કરવાની મંજૂરી આપતા, સ્માર્ટફોન અને ટેબ્લેટ્સ દ્વારા શિક્ષણને સુલભ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

પ્રોગ્રેસ ટ્રેકિંગ: વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રોગ્રેસ ટ્રેક કરવા, પરફોમન્સ રિપોર્ટ્સ જોવા અને લર્નિંગ ગોલ સેટ કરવાની મંજૂરી આપે છે.

- માહિતી ખૂબ જ ઝડપથી મળે છે.
- કોઈપણ સમયે માહિતી મેળવી શકાય છે.
- ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં ઉપયોગી છે.
- વપરાશકર્તાના સમયનો બચાવ થાય છે.
- અભ્યાસ માટે જરૂરી પૂછેલા પ્રશ્નોનાં જવાબ તૈયાર કરી આપે છે.
- વિવિધ વિષયો પર ટૂંકી કે લાંબી લેખન સામગ્રી તૈયાર કરી આપે છે.
- કે.જી. થી ધોરણ 12 સુધીના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી છે.
- હોમવર્ક કે કઠિન લાગતાં વિષયો પર માર્ગદર્શન મળી રહે છે.
- NMMS અને જ્ઞાનસાધના જેવી પરીક્ષાની તૈયારી માટે ઉપયોગી છે.

## ❖ શું તેનો ઉપયોગ ફ્રી છે?

EdutorApp એ વિદ્યાર્થી અને શિક્ષક માટે ફ્રી અને ખૂબ જ સુવિધાજનક છે.

# "KHANMIGO" AI TOOL

## પરિચય


Khanmigo (ખાનમિગો) એ Khan Academy(અમેરિકા)નું AI-આધારિત ટ્યુટર અને શિક્ષણ સહાયક છે. તે વિદ્યાર્થીઓને શીખવામાં મદદ કરવા માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે જેમાં ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને ભાષા જેવા વિષયો સમાવિષ્ટ છે.

✅ AI ટ્યુટરીંગ – વિદ્યાર્થીઓને હળવી અને સરળ ભાષામાં સમજૂતી આપે છે અને વિદ્યાર્થીઓના અભ્યાસની ગતિ અને સમજ પ્રમાણે માર્ગદર્શન આપે છે.


✅ શિક્ષકોને પાઠયોજના, વિદ્યાર્થીઓની પ્રગતિ અને મૂલ્યાંકનની વિવિધ રસપ્રદ રીતો વિશે માહિતી આપે છે.

## પ્રક્રિયા

khanmigo toolsનો ઉપયોગ કરવા માટે Google Search browserમાં જઈ www.khanmigo.ai/teachers લખી Search કરો. નીચે આપેલ સ્ક્રીન મુજબનું પેજ ઓપન થશે.




Sign up for free પર ક્લિક કરી GMAILઅને અન્ય વિગતો FILL કરો. ત્યારબાદ નીચે મુજબ સ્ક્રિન જોવા મળશે.




અહીં તમને શિક્ષણમાં ઉપયોગી એવા વિવિધ 25 જેટલા AI TOOLS જોવા મળે છે જેનો ટૂંકમાં પરિચય મેળવીએ.

(1) BLOOKET GENERATOR

આ TOOLની મદદથી કોઈ શૈક્ષણિક મુદ્દા આધારિત MCQ ટેસ્ટ તૈયાર કરી શકાય છે. આ ટેસ્ટનો QR CODE અથવા લિંક વિદ્યાર્થીઓને મોકલી રસપ્રદ MCQ કસોટીનું આયોજન કરી શકાય છે.

(2) Chunk Text

કોઈ પાઠનો સારાંશ તૈયાર કરી આપે છે.

(3) Class News letter

વિદ્યાર્થીની વર્ગખંડ પ્રગતિની જાણ વાલી તેમજ શિક્ષકોને કરવા માટે ઉપયોગી છે.

(4) Class Snapshot

પ્રત્યેક વિદ્યાર્થીનું પરફોર્મન્સ જાણી શકાય છે અને શિક્ષક અને વાલી તેનો ઉપયોગ કરી શકે છે.

(5) Clear Direction
કોઈ શૈક્ષણિક મુદ્દાનું Assignments Generate કરવા માટે ઉપયોગી છે

(6) Discussion Prompts
કોઈ શૈક્ષણિક મુદ્દા માટે ચર્ચા કરવાના મુદ્દાઓ તૈયાર કરી આપે છે.

(7) Exit ticket
પાઠને અંતે વિદ્યાર્થીઓની સમજ ચકાસવા માટેનું assessment તૈયાર કરી આપે છે

(8) Fun Class Summary Poem
મહત્વની વર્ગની પળોને સર્જનાત્મક અને કાવ્યાત્મક સંક્ષેપમાં રૂપાંતરિત કરી આપે છે.

(9) IEP Assistant
વિદ્યાર્થીની જરૂરિયાત અનુસાર શિક્ષણ યોજના અને પાઠ આયોજન તૈયાર કરી આપે છે.

(10) Informational Text
વિવિધ વિષયો માટે માહિતી લખાણ તૈયાર કરી આપે છે.

(11) Learning Objectives
અભ્યાસના હેતુઓ સુનિશ્ચિત કરવા માટે.

(12) Lesson Hook
કોઈ પાઠના આકર્ષક વિષયાભિમુખ માટે ઉપયોગી છે.

(13) Lesson Plan
કોઈ શૈક્ષણિક મુદ્દા પર પાઠ આયોજન તૈયાર કરવા માટે ઉપયોગી છે.

(14) Later of recommendation
શિક્ષણના સંદર્ભમાં ભલામણના વ્યક્તિગત પત્રો તૈયાર કરવા માટે ઉપયોગી છે.

(15) Leveler
આપેલ લખાણનું સંક્ષિપ્તકરણ કરવા માટે ઉપયોગી છે.

(16) Make it relevant!
વિદ્યાર્થીઓની શિક્ષણમાં ભાગીદારી વધારવા માટે, શિક્ષણને તેના જીવન અને રુચિઓ સાથે જોડવા માટેની સામગ્રી તૈયાર કરવા ઉપયોગી છે.

(17) Multiple choice question quiz
કોઈ શૈક્ષણિક મુદ્દા આધારિત MCQ ટેસ્ટ તૈયાર કરવા માટે ઉપયોગી છે.

(18) Question Generator
કોઈ શૈક્ષણિક મુદ્દાનાં ફકરા આધારિત પ્રશ્નો તૈયાર કરવા માટે ઉપયોગી છે.

(19) Real World Content Generator
કોઈ વિષયના પાઠને આકર્ષક અને વ્યવહારિક જીવનના ઉદાહરણો સાથે જોડવા માટેની સામગ્રી તૈયાર કરવા માટે ઉપયોગી છે.

(20) Recommended Assignments
શૈક્ષણિક મુદ્દા આધારિત Assignments Generate કરવા માટે ભલામણ કરે છે.


(21) Refresh my knowledge
કોઈ શૈક્ષણિક મુદ્દાના વધુ સંદર્ભ જાણવા માટે અને જ્ઞાનની વૃદ્ધિ માટે માહિતી આપે છે.

(22) Report Card Comments
વિદ્યાર્થીઓને વ્યક્તિગત રિપોર્ટ કાર્ડ તૈયાર કરી અને તેના પર ટિપ્પણીઓ કરવા માટે ઉપયોગી છે.


ઉપરોક્ત Tools પૈકી આપણે BLOOKET GENERATORનો ઉપયોગ કઈ રીતે કરી શકાય તે જોઈએ.

આ Toolની મદદથી કોઈ શૈક્ષણિક મુદ્દા આધારિત MCQ ટેસ્ટ તૈયાર કરી શકાય છે. આ ટેસ્ટનો QR CODE અથવા લિંક વિદ્યાર્થીઓને મોકલી રસપ્રદ MCQ કસોટીનું આયોજન કરી શકાય છે.

BLOOKET GENERATOR લોગો પર ક્લિક કરો.





આ મુજબ સ્ક્રિન જોવા મળશે.




MCQ ટેસ્ટ માટે પસંદિત શૈક્ષણિક મુદ્દાની વિગતો ભરો. સ્ટાર્ટ પર ક્લિક કરો. સ્ટાર્ટ પર ક્લિક કરતા આ પ્રમાણે સ્ક્રિન ખુલે છે.

અહીં તમને શૈક્ષણિક મુદ્દા આધારિત MCQ પ્રશ્નો અને તેના જવાબ માટેના વિકલ્પો જોવા મળે છે તે ચકાસી લો. જરૂર જણાય તો તેમાં એડિટ કરી સુધારો પણ કરી શકાય છે. અહીં તમે ગુજરાતી ભાષામાં પણ લખી શકો છો.

+ પ્લસ બટન પર ક્લિક કરતા એક એક પ્રશ્નનો સેટ તૈયાર થશે. EXPORT TO BLOOKET પર ક્લિક કરો. આ મુજબ સ્ક્રિન જોવા મળશે.



SAVE SET પર ક્લિક કરો.  MY SETS પર ક્લિક કરતા બનાવેલ પ્રશ્નોના SET  જોવા મળશે. અહીં પણ પ્રશ્નોમાં એડિટ અને ડીલીટ કરી શકાય છે.

HOST GAME પર ક્લિક કરતા જુદા જુદા Game Mode જોવા મળશે. કોઈ એક ગેમ મોડ પસંદ કરી HOST  પર ક્લિક કરો.




આ મુજબની સ્ક્રિન જોવા મળે છે.




જ્યાં,TIME (minutes) ટેસ્ટ માટે અનુકૂળ સમયગાળો પસંદ કરો.  હવે HOST NOW પર ક્લિક કરો. નીચે પ્રમાણે સ્ક્રિન જોવા મળશે.

સ્ક્રીન પર QR CODE, GAME LINK તેમજ GAME ID જોવા મળશે. GAME LINK  વિદ્યાર્થીઓને SHARE કરો. વિદ્યાર્થી આ લિંક પર ક્લિક કરી પોતાના નામ લખશે અને MCQ TESTમાં Join થશે. જેટલા વિદ્યાર્થી MCQ TESTમાં જોડાશે તેમના નામ HOSTની સ્ક્રીન પર જોવા મળશે. મહત્તમ 60 વિદ્યાર્થીઓ Join થઈ શકશે.

હવે START  પર ક્લિક કરતા Join થયેલા દરેક વિદ્યાર્થીને મોબાઇલની સ્કિન પર MCQ આવશે જેમાં વિદ્યાર્થી યોગ્ય વિકલ્પ પસંદ કરશે. આ રીતે ક્રમશ: MCQના જવાબ વિદ્યાર્થી આપશે. HOSTની સ્કિન પર વિદ્યાર્થીઓ મેળવેલ ગુણાંકન જોવા મળશે. HOST સ્કિન પર વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણ જોવા મળશે. END NOW પર ક્લિક કરતા ક્વિઝમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકના વિદ્યાર્થીઓના નામ જોવા મળે છે. આ રીતે મૂલ્યાંકન રસપ્રદ બને છે.

## ઉપયોગિતા

આમ Khanmigo Ai tools શિક્ષણને લગતી અધ્યયન, અધ્યાપન, મૂલ્યાંકન અને ચકાસણી જેવા કાર્યો ઝડપી, સરળ અને અસરકારક બનાવવા તથા વહીવટી કાર્યો પણ ઓછા માં ઓછા સમયમાં પૂર્ણ કરવા ખૂબ જ ઉપયોગી છે.


## પરિચય

આપણાં શિક્ષણના ક્ષેત્રમાં AI નો ઉપયોગ ગુણવત્તા સભર શિક્ષણ પ્રદાન કરવા માટે ઘણી બધી Apps અને Tools પૂરા પાડે છે કે જેના વડે અધ્યયન અને અધ્યાપન કાર્ય સરળતાથી થઈ શકે તો Tinywow. એ શિક્ષણ માં ખુબ ઉપયોગી થઇ શકે છે તેવી Website છે.

તેના દ્વારા આપણે ઘણી સરળતાથી pdf, Image, Paragraph, Video file Format ને લગતા ઘણા બધા સુધારા કરીને સરળતાથી ફાઇલ બનાવી શકીએ છીએ. આપણે આ AI Tools ને વિસ્તૃત રીતે સમજવાનો પ્રયત્ન કરીશું.

## પ્રક્રિયા


સૌપ્રથમ Google Chrome Browser શરૂ કરી એડ્રેસબારમાં https://tinywow.com ટાઈપ કરી Enter આપતા સ્ક્રિન પર વેબસાઇટ શરૂ થશે અને નીચે મુજબની સ્ક્રિન જોવા મળશે.




આ Website શરૂ કર્યા બાદ સ્કીન ઉપર નીચે મુજબના સ્ટેપ અનુસરો.

### 1. PDF Tools

➢ આ વિકલ્પ પર Click કરતાં નીચે મુજબની સ્કીન જોવા મળશે.





(a) Edit pdf: આમ તો pdf ફાઇલ Read Only હોય છે કે જેમાં કોઈ પણ વ્યક્તિ ફેરફાર કરી શકતા નથી. પરંતુ આ Tool ના pdf મેનું ના edit pdf ઓપ્શનની મદદથી આપણે pfd ફાઇલને એડિટ કરી તેમાં જરૂર મુજબના ફેરફારો કરી શકીએ છીએ.

(b) Pdf to word: આ વિકલ્પથી કોઈ પણ pdf ફાઇલને વર્ડ ફાઇલમાં ફેરવી શકાય છે.

(c) Jpg to pdf: આ વિકલ્પની મદદથી કોઈ પણ ફોટો ફાઈલને pdf ફાઇલમાં ફેરવી શકાય છે.

(d) Merge pdf: બે કે તેથી વધુ pdf ફાઇલની માહિતીને Merge કરી એક જ pdf ફાઇલ બનાવી શકાય છે.

2. **Image Tools:** આ મેનું પર ક્લીક કરતાં નીચે મુજબ ના વિકલ્પો જોઈ શકાય છે.




(a) Background Remover: આ વિકલ્પ એવો છે કે જે અપલોડ કરેલ ફોટોમાંથી બેકગ્રાઉન્ડ અને વ્યક્તિની અલગ અલગ ઓળખ કરી બેકગ્રાઉન્ડ બદલવાની સુવિધા આપે છે.

(b) Restore Photos: ફોટો restore કરી Reset કરી આપે છે.


(c) Profile Photo Maker: સામાન્ય રીતે WhatsApp કે Facebook પ્રોફાઇલ ફોટો વર્તુળાકારમાં જોવા મળે છે. આવો ફોટો બનાવવા માટે Profile Photo Maker વિકલ્પ ઉપયોગી છે.

(d) Extract Text from Image: આ વિકલ્પ જો અપલોડ કરેલ ચિત્ર, ફાઇલમાં કોઈ લખાણ હોય તો તેને અલગ કરીને વર્ડ ફાઇલમાં તેને કોપી કરી દર્શાવે છે.

(e) AI Image Generator: આ વિકલ્પ ટેક્સ્ટ લખવા માટેનો બોક્ષ આપે છે જેમાં આપણે જે ટેક્સ્ટ લખીશું તેના અનુસંધાનમાં Image Generate કરી આપશે. આ Toolની એક મર્યાદા છે કે તે માત્ર અંગ્રેજીમાં લખેલ ટેક્સ્ટ સમજી શકે છે. અન્ય ભાષામાં અર્થઘટન ખોટું કરે છે.

(f) Remove Object Photo: અપલોડ કરેલ ફોટોમાંથી જે ઓબ્જેક્ટ પસંદ કરીશું તે ઓબ્જેક્ટ ઇમેજમાંથી કાઢી નાખે છે.

3. **AI Write:** આ મેનું પર ક્લીક કરતાં નીચે મુજબ ના વિકલ્પો જોઈ શકાય છે.





(a) Paragraph Writer: કોઇપણ મુદ્દાના આધારે ફકરો બનાવી આપે છે જે વિવિધ ભાષાના શિક્ષણ માટે ઉપયોગી બને છે.

(b) Sentence Writer: જો આપણે કોઈ પણ વાક્ય લખતા હોઈએ અને તે વાક્યને વધુ અર્થપૂર્ણ બનાવવા માંગતા હોઈએ તો આ Tool ખૂબ ઉપયોગી છે. તમે જે વાક્ય લખશો તેના અનુસંધાને બીજા વધુ સારા વાક્યો બનાવીને આપશે.

(c) Essay Writer: આપેલ વાક્યના અનુસંધાને નિબંધ બનાવી આપે છે.

(d) Article Writer: આપેલ શીર્ષક પરથી આર્ટીકલ(લેખ) બનાવી આપશે જે પ્રોજેક્ટ કાર્ય માટે ખૂબ ઉપયોગી બની શકે તેમ છે.


4. **Video Tools**: આ મેનૂ પર ક્લીક કરતાં નીચે મુજબ ના વિકલ્પો જોઈ શકાય છે.




a) Compress Video: આ Tool કોઈપણ વિડીયો ફોર્મેટ ફાઇલ ઉપર compression ટેકનીક લાગુ પાડી તેની સાઇઝ ઘટાડી આપે છે.

b) Video to GIF: આ Tool કોઈપણ નાની વિડીયો ફાઇલને Gif ફાઇલમાં ફેરવી આપે છે. Gif એ એક એવી ફાઇલ છે જેમાં નાનું એનીમેશન અથવા વિડીયો સ્ટોર કરી શકાય છે. આવી ફાઇલ કોઈ પણ વિડીયો પ્લેયર વગર કોમ્પ્યુટર માં માત્ર ડબલ ક્લિક કરવાથી ઓપન કરી શકાય છે.

**(5) File :** આ મેનૂ પર ક્લીક કરતાં નીચે મુજબ ના વિકલ્પો જોઈ શકાય છે.




ફાઇલ મેનું ના વિવિધ વિકલ્પો થી આપણે ચોક્કસ પ્રકારની ફાઇલને બીજા પ્રકારની ફાઇલમાં રૂપાંતરિત કરી શકીએ છીએ. જેમકે Excel to pdf વગેરે...

આ ઉપરાંત મુખ્ય પેજ પર બીજા ઘણા બધા ઓપ્શન ઉપલબ્ધ છે જેનો એડવાન્સ લેવલ ઉપર ઉપયોગ કરી શકાય છે.

આ વેબસાઇટ પર મોટા ભાગના Tool ફ્રી છે.

## ફાયદા

(1) Pdf ફાઇલમાં જરૂરિયાત મુજબ સુધારા વધારા સાથે ઉપયોગમાં લઈ શકાય છે.

(2) કોઇપણ ચિત્રમાં સુધારા વધારા કરીને સરળતાથી શિક્ષણ કાર્યમાં ઉપયોગ કરી શકાય છે. તેમજ ટેક્સ્ટ ઉપરથી ઇમેજ બનાવી શકાય છે.

(3) વાક્ય કે ચોક્કસ મુદ્દા અથવા શબ્દ ઉપરથી વિસ્તૃત માહિતી જેવાકે નિબંધ, લેખ, ફકરા વગેરે બનાવી શકે છે.

(4) Video Tool ની મદદ થી Video ફોર્મેટ બદલી શકાય છે. તેમજ તેની ગુણવતા, કદમાં ફેરફાર કરી શકાય છે.

(5) કમ્પ્યુટરમાં બનાવેલી કે અપલોડ કરેલી ફાઈલને અલગ અલગ extension ફાઇલમાં તબદીલ કરી ઉપયોગમાં લઈ શકે છે. પ્રતિભાશાળી શિક્ષકો કે બાળકો માટે તે ખૂબ ઉપયોગી બને છે.

(6)આ વેબસાઇટથી મુખ્ય પેજ ઉપર દેખાતા વિવિધ 68 જેટલા Toolનો ઉપયોગ શિક્ષણ કાર્યને રસપ્રદ અને અસરકારક બનાવવા કરી શકાય છે.


# Meta AI WhatsApp

## ❖ પરિચય

➢ Meta AI WhatsApp માં ઇનબિલ્ટ જ હોય છે

➢ Meta AI tool મોબાઈલમાં જેમ WhatsApp વાપરીએ તેમ ફ્રી વાપરી શકાય છે.

➢ Meta AI દ્વારા બનાવેલ અધ્યયન મટીરીયલ્સ જેવા કે વિડીયો, પ્રશ્નોત્તરી, Games વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી થાય છે.





## ❖ પ્રક્રિયા

➢ આ tool નો ઉપયોગ કરવા માટે WhatsApp માં Meta AI ના symbol પર click કરવું.




➢ Click કર્યા બાદ તેનું મેનુ ખુલશે. જેમાં કોઇ પણ વિષય અંતર્ગત માહિતી Type કરતા Meta Ai દ્વારા માહિતી પ્રાપ્ત થાય છે.




➢ સાથે સાથે કોઇ ગ્રુપમાં પણ સીધા જ Meta Ai ઉપયોગ કરી શકાય છે. તેના માટે સૌપ્રથમ તમારા ગ્રુપને ઓપન કરો. ત્યારબાદ કીબોર્ડમાં@ ટાઈપ કરો. ત્યાર બાદ એક menu open થશે. તેમાં Meta AI પર ક્લિક્ કરવું.

➢ @Meta AI આવું ટાઈપ કરેલું આવી જશે, તેની બાજુમાં તમારે જે સર્ચ કરવું હોય તે type કરો અને send કરવાથી વિસ્તૃત માહિતી મળે છે.







Meta AI ગણિત શીખવા માટે પણ ઉપયોગી છે

Ex. 625 ×625

Meta AI માં તમે કોઈપણ માહિતી માંગો છો તો તેના short Instagram વિડીયો તમને ઝડપથી શોધી આપે છે.

Ex. લાઈવ મહાકુંભ મેળાનો વિડિયો




## ❖ ઉપયોગિતા

- ➢ Meta AI વિદ્યાર્થી અને શિક્ષક બંનેને મૂંઝવતા પ્રશ્નો અને માહિતીને વિસ્તૃત ચિત્ર દ્વારા સમજાવે છે.
- ➢ વિદ્યાર્થી અને શિક્ષક ઓનલાઇન શિક્ષણ પણ લઈ શકે છે.
- ➢ Meta AI દ્વારા અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી ભાષામાં શિક્ષણ મેળવી શકાય છે.
- ➢ Meta AI તમને જોઈતી Image પણ બનાવી આપે છે.
- ➢ Meta AI tool Facebook અને Instagram માં પણ આપેલ છે જેનો ઉપયોગ આવી જ રીતે થાય છે.
- ➢ આવી જ રીતે તમને મૂંઝવતા ગણિતના દાખલા પણ Meta AI સરળ રીતે સમજાવી શકે છે.
- ➢ વિજ્ઞાન વિષયને લગતા, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન વગેરે વિશે વિસ્તૃત માહિતી સમજાવે છે.

આ રીતે Meta AIનો શિક્ષણમાં ઉપયોગ કરી શિક્ષણપ્રક્રિયાને સફળ અને રસપ્રદ બનાવી શકાય છે.

quizizz

## પરિચય


Quizizz માંથી Quiz એટલે કે પ્રશ્ન/સવાલ એવો અર્થ થાય છે. Quizizz.com એ એક પ્રખ્યાત ઓનલાઈન પ્લેટફોર્મ છે. જે વિદ્યાર્થી, શિક્ષક અને સામાન્ય જ્ઞાનપ્રેમિઓ માટે ક્વિઝ અથવા માળખાગત પ્રશ્નોત્તરી દ્વારા શીખવાની અને મનોરંજનની અનોખી તક પ્રદાન કરે છે. આ અપ્લિકેશન વ્યક્તિગત અને શૈક્ષણિક વિકાસ માટે અસરકારક રીતે ઉપયોગી છે.

Quizizz એ શૈક્ષણિક અને મનોરંજક કન્ટેન્ટ માટે ડિઝાઇન કરાયેલ એક online tool છે, જેનો મુખ્ય હેતુ Quiz દ્વારા શિક્ષણમાં રસ પ્રગટાવવાનો છે. અહીં શીખવા માટે ઘણા પ્રકારના વિષયો ઉપલબ્ધ છે જેમ કે વિજ્ઞાન, ગણિત, ઇતિહાસ, ભાષા અને સામાન્ય જ્ઞાન વગેરે..

## પ્રક્રિયા


Quizizz.com એક વેબસાઇટ છે જે Desktop અને Smartphone બંનેમાં ઉપલબ્ધ છે. તમે તેને www.quizizz.com પર જઈને સીધા જ ઍક્સેસ કરી શકો છો. તે ઉપરાંત તેની મોબાઇલ એપ્લિકેશન પણ ઉપલબ્ધ છે જે Android અને iOS બંને માધ્યમ દ્વારા ડાઉનલોડ કરી શકાય છે. આ ઉપરાંત Playstore માં જઈને પણ quizizz સર્ચ કરી ડાઉનલોડ કરી શકાય છે.

☛ www.quizizz.com પર ક્લિક કરતાં જ નીચે મુજબ ની સ્ક્રીન જોવા મળશે.





તમારા ડિવાઈસમાં જે G-mail હશે. તેનાથી અથવા બીજા e-mail દ્વારા login થવું.


હવે તેમાં તમારા G -mail થી login કરવાથી નીચે મુજબ સ્ક્રિન જોવા મળશે.





**CREATE** બટન પર ક્લિક કરતાં નીચે મુજબ સ્ક્રિન આવશે.





હવે પછીની સ્ક્રિનમાં નીચે મુજબ ત્રણ ઓપ્શન આવશે.




**1) <u>Import worksheet/Questions:</u>** આ ઓપ્શન દ્વારા અગાઉથી જો તમે કોમ્પ્યુટરમાં કોઈ ફાઈલ બનાવી હોય તો તે upload કરવાથી ઓટોમેટિક ક્વિઝ તૈયાર થઈ જાય છે.





**Upload from device** બટન પર ક્લિક કરવું.




ડિવાઈસ માંથી ફાઈલ સિલેક્ટ કરીને અપલોડ કરવી.


**Generate Quiz** બટન પર ક્લિક કરતાં નીચે મુજબ સ્ક્રીન આવશે.





**Publish** બટન પર ક્લિક કરતાજ ક્વિઝ તૈયાર થઈ જશે.

## 2) Generate with AI

હવે **Create a new activity** ઓપ્શનમાં ક્લિક કરતાં નીચે મુજબ સ્ક્રિન આવશે. જેમાં તમારે જે વિષય આધારિત પ્રશ્નોત્તરી બનાવી હોય તેનું માત્ર નામ લખવાનું છે.





**Continue** બટન પર ક્લિક કરવું. હવે ગણતરીની સેકંડમાં જ AI ની મદદથી પ્રશ્નો ,તેના ઓપ્શન, સાચા-ખોટા વિકલ્પ સહિત તૈયાર કરી આપશે.




ઉપરની સ્ક્રિનમાં **Publish** બટન પર ક્લિક કરતાં જ ક્વિઝ તૈયાર થઈ જશે.

## 3) Create from Scratch


હવે ત્રીજા ઓપ્શન Create from scratch માં ક્લિક કરતાં નીચે મુજબ સ્ક્રિન જોવા મળશે. જેમાં દર્શાવેલા 14 ઓપ્શનમાંથી જેના વિશે ક્વિઝ બનાવવી હોય તે ઓપ્શન પર ક્લિક કરવું.








ઉપરના સ્ક્રિનમાં દર્શાવેલ નમૂના મુજબ પ્રશ્ન અને તેના ચાર ઓપ્શન લખીને સાચો જવાબ હોય તે બોકસમાં ઉપરના ખૂણામાં દર્શાવેલ વર્તુળ પર ક્લિક કરી દેવું. ત્યારબાદ ઉપર ખૂણામાં દર્શાવેલ **SAVE QUESTION** બટન પર ક્લિક કરવું. હવે નીચે મુજબ સ્ક્રિન જોવા મળશે.



**Search Question** ના બોકસની નીચે આપેલ **Add Question** બટન પર ક્લિક કરીને તૈયાર કરેલા પ્રશ્નોની વિગત, ઓપ્શન અને જવાબ સાથે એન્ટર કરવું. ત્યારબાદ **Publish** બટન પર ક્લિક કરતાં નીચે મુજબ સ્ક્રિન જોવા મળશે.




અહી તમે જે વિષય પર ક્વિઝ બનાવવા માંગતા હોય તે જે વિષયને લગતી હોય તેનું નામ select કરી લેવું, પછી કયા ધોરણને ઉપયોગી છે તે ધોરણ પસંદ કરવું. ક્વિઝની ભાષા બોકસમાંથી સિલેક્ટ કરવી. અંતે સ્ક્રિનમાં નીચે ખૂણામાં આપેલ Publish બટન પર ક્લિક કરીને publish કરી દેવી.

- **શિક્ષકો પોતાના વિદ્યાર્થી માટે ક્વિઝ બનાવવા અને તેનો ઉપયોગ શિક્ષણ માટે કરી શકે છે.**
- **વિદ્યાર્થીઓ અહીં નવા વિષયો શીખી શકે છે અને પોતાની પ્રગતિ માપી શકે છે.**
- **લોકો પણ મનોરંજન રૂપે ક્વિઝ સોલ્વ કરીને પોતાનું જ્ઞાન વધારી શકે છે.**
- **આ માધ્યમથી શીખવાની પ્રક્રિયા વધુ રસપ્રદ અને મનોરંજક બનાવે છે.**
- મલ્ટિમીડિયા કન્ટેન્ટના ઉપયોગ દ્વારા આકર્ષક શૈક્ષણિક અનુભવ મળે છે.
- શીખનાર પોતાનું જાતે મૂલ્યાંકન કરી શકે છે.
- સમયનો બચાવ થાય છે.
- કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ઉપયોગી છે.
- વિવિધ વિષયો અને સ્તરો માટે વિવિધ પ્રકારની ક્વિઝ ઉપલબ્ધ છે.
- ગેમ્સ જેવા ફીચર્સ હોવાથી શીખવું રસપ્રદ બને છે.
- વર્ગખંડ માટે પ્રભાવશાળી tool છે.

Quizizz નું બેઝિક વર્ઝન free છે જે શૈક્ષણિક અને મનોરંજક દૃષ્ટિએ ખૂબ જ ઉપયોગી છે. જો કે તેના વિશેષ ફીચર્સ માટે paid સબ્સ્ક્રિપ્શનનો વિકલ્પ પણ ઉપલબ્ધ છે. Free વર્ઝનમાં તમે ક્વિઝ બનાવી શકો છો અને સોલ્વ કરી શકો છો. Paid વર્ઝનમાં અદ્યતન tools, એનાલિસિસ માટે ડેટા અને અન્ય ફીચર્સ મળે છે.

## ☛સંબંધિત એપ્લિકેશન

Quizizz સાથે સંબંધિત કેટલીક અન્ય એપ્લિકેશન પણ ઉપલબ્ધ છે,

જેમ કે:

**Kahoot!** **Quiz Planet** **Word Trivia** **Mentimeter**
**Trivia Star** **Socrative**


## પરિચય

Kahoot એ એક ખૂબ જ ઉપયોગી શૈક્ષણિક app છે જેના દ્વારા શૈક્ષણિક કાર્યને ખૂબ જ રસપ્રદ બનાવી શકાય છે. Kahoot AI ઓનલાઈન ક્વિઝના રૂપમાં ખૂબ જ સરસ કાર્ય કરે છે જેમાં બાળકોનું Quiz દ્વારા ખૂબ જ રસપૂર્વક મૂલ્યાંકન થઇ શકે છે. આ AI TOOLS દ્વારા ઝડપથી અને સરળતાથી ઓનલાઇન Quiz બનાવી શકાય છે. આ Quiz બનાવવા માટે CHAT GPT નો ઉપયોગ ખુબ જ મહત્વનો છે. CHAT GPT માં તૈયાર થયેલ Quiz નો ઉપયોગ KAHOOT AI માં થાય છે જે ઓટોમેટિક Quiz તૈયાર કરી આપે છે.


## પ્રક્રિયા

Kahoot AI ના ઉપયોગ માટે સૌપ્રથમ CHAT GPT નો ઉપયોગ કરવામાં આવે છે તેનાથી ખૂબ જ સરળ રીતે Quiz તૈયાર થઈ જાય છે.

- સૌપ્રથમ Laptop કે PC માં Google browser માં CHAT GPT લખી સર્ચ કરો.





- CHAT GPT માં લોગીન કરો.
- લોગીન થયા બાદ જે વિષયની Quiz બનાવવાની હોય તેના વિશેની નોંધ જો Laptop/PCમાં હોય તો અથવા pdf word file તૈયાર હોય તો એમાંથી કોપી-પેસ્ટ કરવું.
- ત્યાર બાદ નીચે મુજબ Type કરવું.





| |
|---|
| **Create a multiple-choice quiz with four answer choice based on the included vocabulary** |

ઉપરોક્ત મુજબ Type કરતા CHAT GPT આપને ફકરા મુજબ કેટલાક પ્રશ્નો બનાવી આપશે. પ્રશ્નો તૈયાર થઈ ગયા બાદ નીચે બોક્સમાં આપેલ લખાણ લખતા પ્રશ્નોની સાથે ઓપ્શન અને તેની સાથે જવાબ સહિત ટેબલ તૈયાર થઈ જશે.





**Output it into a table with this headings:question- max 120 characters, answer 1- Max 75 characters, answer 2- Max 75 characters, answer 3- Max 75 characters, answer 4- max 75 characters, time limit (second-5, 10, 20,30,60,90,120, or 240 secs, correct answer- choose one-1,2,3 or 4**






| Question | Answer 1 | Answer 2 | Answer 3 | Answer 4 | (secs) | Answer |
|---|---|---|---|---|---|---|
| ભૂકંપ શાથી થાય છે? | પૃથ્વીના સપાટી પરની હવા પરિવર્તનથી | પૃથ્વીના પડોમાં ઊર્જા મુક્ત થવાથી | સૂર્યની ગરમી વધવાથી | વરસાદના કારણે | 10 | 2 |
| ભૂકંપ માપવા માટે કયો સાધન ઉપયોગમાં લેવાય છે? | બેરોમિટર | થર્મોમીટર | સીઝ્મોગ્રાફ | હાઇગ્રોમીટર | 10 | 3 |
| રિક્ટર સ્કેલ શેના માપ માટે વપરાય છે? | ભૂકંપની તીવ્રતા | પવનની ગતિ | તાપમાન | પાણીનો સ્તર | 10 | 1 |
| જો ભૂકંપ દરિયામાં થાય અને તળિયું ઊંચું-નીચું થાય, તો શાનો ઉદભવ થાય? | વાવાઝોડું | ભૂસ્ખલન | ત્સુનામી | વરસાદ | 10 | 3 |
| ભૂકંપનું કેન્દ્રબિંદુ શેને કહેવાય? | જ્યાં ભૂકંપ પહેલીવાર થાય | પૃથ્વીનો ધ્રુવ બિંદુ | ભૂકંપ માપનનું સ્થળ | સમુદ્ર તળની વસતી | 10 | 1 |

ટેબલ તૈયાર થઈ ગયા બાદ પ્રથમ પ્રશ્નથી લઈ છેલ્લા જવાબ સહિત સમગ્ર ટેબલ કોપી કરી લેવું સાથે Cmd + v આપવું.





ત્યારબાદ Kahoot પર જઈ લોગીન થવું. એમાં create પર જઈ Blank Page લઈ લેવું તેમાં માં Add Question પર ક્લિક કરો.




ત્યાર બાદ સામે મુજબની સ્ક્રિન જોવા મળશે.


Import spread sheet પર ક્લિક કરતા જ ફાઈલ ડાઉનલોડ થઈ જશે.





ત્યારબાદ Downloadમાં Excel Sheet ખોલવી. તેમાં કંટ્રોલ crl + v અને cmd + v આપવાથી પ્રશ્નો તૈયાર થઈ જશે. પ્રશ્નો તૈયાર થઈ ગયા બાદ સેવ આપવું.

ફરીથી add પર જવું જેમાં select file પર ક્લિક કરી ફાઈલ Export કરવી અને અપલોડ પર ક્લિક કરતાં Quiz તૈયાર થઈ જશે.



## ઉપયોગિતા


- Chat Gpt ની મદદથી Kahoot Ai દ્વારા ખુબજ ઝડપથી અને ખુબજ ઓછા સમયમાં Online Quiz તૈયાર થઈ જાય છે.
- Kahoot Ai કોઈ પણ શૈક્ષણિક મુદ્દા પરથી Chat Gptમાં જવાબ સાથે MCQ પ્રકારના પ્રશ્નો તૈયાર કરી આપે છે.
- શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવું સરળ અને સહજ બની જાય છે. સમયની બચત થાય છે.
- વિદ્યાર્થીનું વ્યક્તિગત મૂલ્યાંકન કરી શકાય છે. Quiz ને અંતે પ્રાપ્ત પરિણામને આધારે ઉપચાર કાર્ય કરી શકાય છે. અધ્યાપન યોજના તૈયાર કરી શકાય છે.

## પરિચય


Gamma.app એ એક એવું Tool છે કે જેમાં આપણે ઘણી સરળતાથી પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન બનાવી શકીએ. તે આપેલ માહિતીનું અર્થઘટન કરી સમગ્ર માહિતીનો પાવરપોઇન્ટ સ્લાઇડ્સ સ્વરૂપે સારાંશ તૈયાર કરી આપે છે. જોકે હજુ આ ટૂલ પૂરું ફ્રી નથી પરંતુ તેમાં બે થી ત્રણ પેજ જેટલી માહિતીવાળી pdf ફાઇલને ppt સ્વરૂપે ગોઠવી આપવાની  સુવિધા નિશુલ્ક છે.

## પ્રક્રિયા


સૌપ્રથમ google chrome બ્રાઉઝર શરૂ કરી એડ્રેસ બારમાં https://Gamma.app ટાઈપ કરતાં સ્ક્રિન પર વેબસાઇટ શરૂ થશે. આ વેબ સાઇટ શરૂ કર્યા બાદ સ્ક્રિન ઉપર નીચે મુજબના સ્ટેપ અનુસરો.




(1) અહીં આપેલ Sign Up for free પર ક્લિક કરો. નવી સ્ક્રિનમાં continue with google પર ક્લિક કરો. જો તમારા મોબાઈલ કે કોમ્પ્યુટર માં એક કરતાં વધુ google એકાઉન્ટ કનેક્ટેડ હશે તો લિસ્ટમાંથી એકાઉન્ટ પસંદ કરો.



(2) એકાઉન્ટ પસંદ કરતાં ઉપર મુજબની સ્ક્રિન દેખાશે જેમાં Create new પર ક્લિક કરો.





(3) Create new પર ક્લિક કરતાં સ્ક્રિન પર ત્રણ વિકલ્પો જોવા મળશે.

a. Paste in text: આ વિકલ્પ પર ક્લિક કરી આપણે જાતે જ કોઈ ટેક્સ્ટ કોપી કરી તેને પેસ્ટ કરી તેના ઉપરથી પ્રેઝેન્ટેશન બનાવી શકીએ.

b. Generate: આ વિકલ્પ પર ક્લિક કરીને આપણે એક જ પ્રોમ્પ્ટ ટેક્સ્ટ આપીને તેના અનુસંધાનમાં પ્રેઝેન્ટેશન બનાવી શકીએ.

c. Import file or URL: આ વિકલ્પ એવું છે કે જેમાં આપણે અગાઉથી તૈયાર કરેલ pdf ફાઇલ ને અપલોડ કરી શકીએ છીએ. અહી ક્લિક કરતાં નીચે મુજબ ત્રણ વિકલ્પો જેવા મળશે.




a. Upload a file: આપણાં મોબાઈલ કે કોમ્પ્યુટર પર રહેલી pdf ફાઇલ પસંદ કરીને અપલોડ કરી શકાય છે.

b. Import from Drive: આપણાં google એકાઉન્ટમાં સ્ટોર કરેલી ફાઇલ પસંદ કરીને upload કરી શકાય છે.

c. Import from URL: આ વિકલ્પમાં કોઈ લિન્ક ઉપરથી ફાઇલ પસંદ કરીને અપલોડ કરી શકાય છે.

આપણે પ્રથમ વિકલ્પ પસંદ કરીને ફાઇલ અપલોડ કરીશું.

ફાઇલ અપલોડ કરતા જ Gamma Tool આપેલ pdf ફાઇલનું પૃથ્થકરણ કરી તેને પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશનમાં કન્વર્ટ કરી આપે છે. જે નીચે મુજબ જોવા મળશે.




(4) અહી તૈયાર થયેલ પ્રેઝેન્ટેશનને ડાઉનલોડ કરવા માટે જમણી બાજુએ ઉપરના ખૂણે આપેલ ત્રણ ડોટસ વાળા વિકલ્પ પર ક્લિક કરતાં મેનું ખુલશે જેમાંથી Export બટન પર ક્લિક કરી પ્રેઝેન્ટેશન ડાઉનલોડ કરી શકાય. જે ડાઉનલોડ ફોલ્ડરમાં Save થાય છે.

હાલ આ Tool પૂરેપૂરું ફ્રી નથી પરંતુ તેમાં આશરે બે થી ત્રણ પેજ ધરાવતી નાની pdf ફાઇલમાંથી ppt બનાવી શકાશે. જો મોટી સાઇઝ ની pdf ફાઇલ નું પ્રેઝેન્ટેશન બનવાનું હોય તો તેના માટે માસિક 500 રૂપિયા જેટલો ચાર્જ લાગે છે.

## ઉપયોગિતા

(1) શિક્ષકો માટે સમગ્ર ppt જાતે બનાવવાને બદલે આ AI Tool દ્વારા સરળતાથી અને ઝડપી ppt તૈયાર કરી શકાય છે.

(2) આ AI Tool નો ફાયદો એ છે કે દરેક વખતે તે વિવિધ પ્રકારની ડીઝાઇન અને ફોટોગ્રાફ ઇન્ટરનેટ પરથી જાતેજ મેળવી દરેક વખતે અલગ જ પ્રકારનું પ્રેઝેન્ટેશન તૈયાર કરી આપે છે.

(3) શિક્ષકને ઝડપથી પાઠ આયોજન તૈયાર કરવામાં મદદરૂપ થાય છે.

(4) વિદ્યાર્થીઓને એકમ આધારિત મુદ્દા વધુ સારી રીતે સમજાવી શકાય છે.

(5) ppt ઉપરથી વિડીયો બનાવી વધુ અસરકારક રીતે અધ્યયન અધ્યાપન કાર્ય થઈ શકે છે.

## સંબંધિત એપ્લિકેશન

https://tinywow.com




**Website : www.dietsnr.org**
**Email : dietsurendranagar@gmail.com**
**dietsnr@gujarat.gov.in**
**Youtube Chanel : diet surendranagar**